# જીવનમાં ધર્મ



મુનિશ્રી. ચંદ્રપ્રભસાગરજી
'ચિત્રભાનુ'

सूरि
गर

# જીવનમાં ધર્મ

—: વ્યાખ્યાતા :—

**મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી**

**'ચિત્રભાનુ'**



પ્રકાશક :

**શાહ લાલભાઈ મણિલાલ**

હઠીભાઈની વાડી સામે, અમદાવાદ.

પ્રાપ્તિસ્થાન

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તો : અમદાવાદ

કિંમત : ૨ આના

પ્રસિદ્ધ વક્તા અને લેખક મુનિરાજ શ્રી. ચંદ્રપ્રભસાગરજીનાં પુસ્તકોએ જૈન તથા જૈનેતર સમાજમાં જેટલું સ્થાન પ્રાપ્ત કર્યું છે; તેનાથી વિશેષ તેમનાં વ્યાખ્યાનોએ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જીવંત સરસ્વતી જેવા આ મુનિરાજના હૈયામાં 'સવી જીવ કરું શાસનરસી!' નો ભાવના–સાગર ઉલ્લસે છેઃ ને એમનું શાસન એટલે અહિંસા, મૈત્રી ને પ્રેમભાવનું શાસન! — વિશ્વબંધુત્વની સરકાર. અહીં મુનિરાજશ્રીએ માત્ર એક સુભાષિત–શ્લોક પર કરેલું વિવેચન આપવામાં આવ્યું છે. આનાથી તેજસ્વી મુનિરાજની વિદ્વતા, વિશદતા ને વ્યાખ્યાન શક્તિની વાચકને ઝાંખી થશે.

—જયભિખ્ખુ


---

हस्तौ दानविवर्जितौ श्रुतिपुटौ
सारश्रुतिद्रोहिणौ ।
नेत्रे साधुविलोकनेन रहिते
पादौ न तीर्थं गतौ ।
अन्यायार्जितवित्तपूर्णमुदरं
गर्वेण तुंगं शिरो ।
रे रे जम्बूक ! मुञ्च मुञ्च सहसा
नीचस्य निंद्यं वपुः ।

---

જૈન મરચંટ સોસાયટીના પાલખીવાળા હોલમાં તા. ૯–૧–૫૫ ના રોજ અપાયેલું વ્યાખ્યાન

અવતરણકાર પ્રાધ્યાપક-શ્રી. ચંદુલાલ ચુનીલાલ ત્રિવેદી.



# જીવનમાં ધર્મ

**જીવન-વ્યવહારમાં** ધર્મની અગત્ય શી છે, તેનો આજે અહીં વિચાર કરવાનો છે. જગત આખું આબાદી, સુખ, શાન્તિ, આનંદ અને સંપત્તિની ઇચ્છા કરે છે, પણ તે મળે શાથી? કારણનો વિચાર કોઈ કરતું નથી! કાર્ય જોઈએ છે, પણ કારણ નથી જોઈતું! પણ એ કેમ બને? ધર્મ સુખનું વૃક્ષ છે, અને સુખ ધર્મનું ફળ છે. ફળ કોને હોય? ઝાડને હોય. ઝાડ વાવીએ નહિ તો ફળની પ્રાપ્તિ ક્યાંથી થાય? કેરીઓ જોઈએ છે પણ આંબો વાવવો નથી. ધર્મનું ફળ મેળવવું છે, પણ ધર્મ આચરવો નથી, તો ફળ કેવી રીતે મળે!

પાપનું ફળ બરબાદી, દુઃખ, અશાન્તિ, શોક અને દરિદ્રતા છે. **पापं कुर्वन्ति सादराः** ચોવીસે કલાક પાપમાં રચ્યાપચ્યા રહેવું છે, પાપની પ્રવૃત્તિ કરવી છે, પાપમય જીવન જીવવું છે અને પુણ્યના ફળની આશા રાખવી છે, તે કેવી રીતે બને? ગમાર પણ એવો વિચાર નહિ કરે કે બાવળનાં બી વાવીએ અને આંબો ઊગી નીકળે!

જીવનમાં પાપનું પરિબળ છેઃ વાણી, વર્તન અને વાચન મુખ્યત્વે વિલાસ તરફી છે, અને ફરિયાદ કરીએ છીએ કે સુખ મળતું નથી! પણ સુખ આવે ક્યાંથી? સુખ જોઈતું હોય તો ધર્મમય જીવન બનાવો; પણ ધર્મની વાત આવે ત્યાં તો કહેશે કે ફુરસદ નથી. પણ યાદ રાખજો કે એક દિવસ તમારે પરાણે—અનિચ્છાએ પણ ફુરસદ

કાઢવી પડશે, અને તે અંતિમ પળે તમારું ઘર ગમે તેટલા વૈભવથી છલકાતું હશે તોયે તે આકરું લાગશે, ભારે પડશે. આ જ સુખનાં સાધનો એ વખતે ભયંકર લાગશે. આજે અહીં પણ કેટલાય એવા બાહ્ય દૃષ્ટિએ સુખી દેખાતા માણસો હશે, જેમના અંતરને દુઃખનો કોઈ ગુપ્ત કીડો સતત કોરી ખાતો હશે!

મસાલા નાખી દૂધપાક બનાવ્યો હોય, અંદરથી સુગંધી મહેક મહેક આવતી હોય, તેને પીવા મોં સુધી કટોરો લઈ જઈએ, ત્યાં કોઈ કહે કે એમાં ઝેરનાં બે બિંદુઓ પડયાં છે, તો તરત આપણે એ કટોરો ફેંકી દઈએ છીએ. તેને પીતા નથી, શું કારણ? કારણ એ કે વસ્તુ સુંદર છે, તેના પ્રતિ પ્રીતિ પણ છે; પણ તે પ્રેય છે તેવી શ્રેય નથી: વસ્તુ સુંદર હોવા છતાં મારી નાખે તેવી તે ચીજ છે. તેમ જ્યાં જ્યાં ધર્મ નથી ત્યાં ત્યાં બધું હોય તો પણ તે ઝેરમિશ્રિત છે. ધર્મ વિના જીવનમાં સુખ નહિ, શાન્તિ નહિ. જેમ શરીર સારું ન હોય તો ગમે તેટલો પૈસો હોય તો પણ માણસને ચેન પડતું નથી, તેમ જીવનમાં ધર્મ ન હોય તો બહારની ગમે તેવી વસ્તુઓ પણ આત્માને શાંતિ આપી શકતી નથી.

**અંતર ઉજ્જડ છે**

જગત પર નજર નાખો! બહારથી સુખી દેખાતા અંતરથી બળી રહેલા જણાશે. તેમને બહારથી જોનાર કોઈ ભલે કહે કે, 'ભાઈ! તમે તો પરમ સુખી છો.' પણ સાંભળનારનું અંતર જાણતું હોય છે કે તેમના અંતરમાં કેટલા કાંટા ભર્યા છે! પોતાની પીડા પોતે જ જાણે! કપડાં ઉતારે ત્યારે શરીર પરનાં ગુમડાં દેખાય. બહારથી તો સૌ કહે કે, 'ભાઈ દસ લાખના ધણી છે, બબ્બે મોટરો છે અને આલીશાન બંગલો છે, શો વૈભવ છે!' પણ એકાન્તમાં એને પૂછશો તો કહેશે કે, 'આ બધું છે, પણ ભાઈલા! અંતરનો બાગ ઉજ્જડ છે. અંતરને તો આ ઉકરડો લાગે છે.' જીવનમાં ધર્મનું સંગીત નથી, તેથી જ બહાર ને અંતરમાં ભેદ છે.

હમણાં છાપામાં વાંચ્યું હશે. એક કરોડપતિ એરોપ્લેનના અકસ્માતમાં મરી ગયો. એ ઘણો વૈભવશાળી હતો. પોતાની આવડતથી તેણે પૈસાનો તો ઢગ કર્યો હતો, અને ઝવેરાતની પેટીઓ ભરી એ બહારગામ એરોપ્લેનમાં જતો હતો. રસ્તામાં એરોપ્લેન સળગ્યું અને આકાશમાં એ પણ સળગ્યો. ધરતી અને આકાશ વચ્ચે એનું કરુણ મૃત્યુ થયું. આ સુખ! મરતી વખતે ભગવાનનું નામ સંભળાવનાર પણ કોઈ ન મળે! અને હાય! હાય! કરતો વચમાં જ મરી પડે. આવાં કરુણ મૃત્યુઓ સાંભળો છો ત્યારે કમકમાટી છૂટે છે, પણ એરોપ્લેનમાં જવાનો મોહ છૂટતો નથી. બીજાને ઊડતા જોઈ તમને મનમાં થાય છે કે આપણે રહી ગયા. પણ વિચારકો તો જાણે છે કે પંખીના ભવમાં કેટલીય વાર આમ આકાશમાં ઊડ્યા હતા.

કેટલાક રસ્તામાં ગાતા ગાતા જાય છે "દુનિયાંકી મઝા લે લો, દુનિયા તુમ્હારી હૈ" પણ હું કહું છુ કે દુનિયા તમારા પૂર્વજો કે મહાન ચક્રવર્તીઓની પણ નથી થઈ, તો તમારી કઈ રીતે થવાની છે? તમારા પૂર્વજો પણ મારું મારું કરતાં મરી ગયા. એ શું લઈને ગયા? કઈ વસ્તુઓ સાથે ગઈ? હા, જે સારાં કાર્યો કર્યાં તે જરૂર સાથે ગયાં, બાકી તો માથે પાપનો ભાર જ.

## નમિરાજનું દૃષ્ટાંત

તમને ખબર છે કે પાપનો ઉદય આવે છે ત્યારે મધુર વસ્તુઓ પણ અમધુર લાગે છે. કોયલનો મધુર ટહુકો પણ કારમો લાગે છે. નમિરાજ કેટલા વૈભવશાળી હતા? એ મહા રાજવીને વૈભવનો પાર નહિ. અંતઃપુર પણ સુંદરીઓથી ભરેલું. પણ એક દિવસ એના દેહમાં ભયંકર રોગ ફાટી નીકળ્યો. શરીર જ્વરની જ્વાળાઓમાં તપવા લાગ્યું, ત્યારે તેના અંગો પર ચંદનવિલેપન કરવા માટે એની યૌવનવંતી પત્નીઓ ચંદન ઘસવા બેઠી. સુંદરીઓના હાથે રત્નનાં કંકણ હતાં. જે રત્નકંકણ અને નૂપુરઝંકારનાં કવિઓએ ભારોભાર

વખાણ કર્યાં છે, જેના શ્રવણથી હૃદય નાચી ઊઠે અને દિલમાં રણકાર જાગે; એ જ કંકણનો મધુર અવાજ આજે શૂળની જેમ નમિરાજના કાનમાં ભોંકાય છે. એ કહે છે: 'આ કર્કશ અવાજ ક્યાંથી આવે છે?' એકવાર જેને સાંભળવાની એ ઝંખના કરતો હતો તે જ આજે એને ગમતું નથી. કારણ કે શરીરમાં સુખ નથી. પાપનો ઉદય થાય ત્યારે તેનું પરિણામ દુઃખ. તેવે સમયે વૈભવમાં શાન્તિ ન દેખાય તે સહજ છે.

મંત્રીએ કહ્યું: 'આ અવાજ કંકણનો છે.'

નમિરાજ કહે: 'મને આ કર્ણકટુ અવાજ ગમતો નથી.'

સ્ત્રીઓએ એક એક કંકણ કાઢી નાંખ્યું અને ચંદન ઘસવા લાગી. થોડી વાર થઈ અને નમિરાજે પૂછ્યું, 'કેમ! હવે અવાજ કેમ થતો નથી?'

મંત્રીએ કહ્યું: 'કંકણ બેને બદલે એક થવાથી.' એકમાં શાન્તિ, બેમાં અશાન્તિ. આપણે શીખ્યા છીએ ને! એકડે એક અને બગડે બે. એનો અર્થ શો? બે થાય એટલે બગડે.

નમિરાજને માંદગીમાં કંકણમાંથી પણ આત્માના એકત્વનું ભાન થયું અને આત્મજ્ઞાની થયાં.

## સમાધિ મરણ

વિદાયવેળાએ અનેકમાંથી આત્મા એક જ રહેવાનો. સૌને પાછળ મૂકી એ આગળ વધવાનો. આ પળ ઘણી જ કપરી હોય છે.

જીવનના મર્મને ભેદી નાંખે એવી આ પળ હોય છે. આ સમયે પ્રભુનું નામ કોને:મોઢે ચઢે? જેણે સારાં કાર્યો કર્યાં હોય, જેણે જીવનમાં પ્રકાશનો વિચાર કર્યો હોય, તે માણસ આવા સમયે પ્રભુનું સ્મરણ કરી શકે. આખી જિંદગી જે ઘૂંટ્યું હશે તે અંત સમયે આવીને ઊભું રહેશે. પણ જેણે જીવનભર પાપનો અને

અંધકારનો વિચાર કર્યો હોય તેને કોઈ **નમો અરિહંતાણં** સંભળાવે તોય સાંભળવું ન ગમે; કેમકે જિંદગીમાં તે અંગે પ્રેમ કેળવ્યો નથી, તેનું મહત્ત્વ એને સમજાયું નથી : એટલે છેલ્લી પળે આ નામનું સ્મરણ કરવું પણ આકરું લાગે છે. મૃત્યુની નોબત વાગતી હોય ત્યારે પ્રભુ–નામની પિપૂડી ક્યાંથી સંભળાય? મૃત્યુની ભયંકર કલ્પનામાં એનો આત્મા ગૂંગળાતો હોય ત્યાં શાંતિ ક્યાંથી હોય? સમાધિ કેવી રીતે મળે? ભગવાન પાસે રોજ ચૈત્યવંદન કરતા હો, ને જે સૂત્ર બોલતા હો, તેનો અર્થ સમજતા હો, તો ખબર પડે કે આપણે જય વીરાયમાં શી માંગણી કરીએ છીએ! ધન નહિ, સ્ત્રી નહિ, પુત્ર–પુત્રી નહિ, પણ સમાધિ મરણની પ્રાર્થના કરીએ છીએ. **સમાધિ મરણં!** પ્રભુ, મારે કાંઈ ન જોઈએ! મને સમાધિ મરણ મળો, શાંતિભર્યું પ્રશાન્ત મૃત્યુ મળો.

આહ! જ્ઞાનીઓએ મૃત્યુને પણ સત્કાર્યું! એની પણ માંગણી કરી! જ્ઞાનીની મૃત્યુ માટે પણ કેવી તૈયારી!

ગમે તે ઘડીએ જવાનું છે તો દરેક માણસે જીવનની તૈયારી કરી રાખવી જોઈએ. વેપારી તો ડાહ્યા કહેવાય. પાણી પહેલાં પાળ બાંધે, તમે કહેશો અમને વેપારમાં સમજણ પડે, આમાં સમજ ન પડે. પણ જ્ઞાનીઓ કહે છે; આને પણ સમજે જ છૂટકો છે. નહિ સમજો તો અંત સમય બગડી જશે. વસ્તુપાળ ને તેજપાળ પણ તમારી જેમ સંસારી હતા, પણ જીવન ધર્મમય હતું. એમણે એમનો વૈભવ આબુનાં સંગેમરમરમાં ને આરસમાં કોરીને એમના વૈભવને, એમના જીવનને, અમર બનાવ્યું. એમનું મૃત્યુ થયું, પણ તે ક્યાં? યાત્રાએ જતાં–જતાં. કેવું પવિત્ર પ્રસ્થાન? જાણે યાત્રાને બહાને મરણની સામે ગયા! એમણે મૃત્યુને પણ શરમાવ્યું!

એવો જ પ્રસંગ ગુજરાતના મહામંત્રી ઉદયનનો છે. એમનું વીરમૃત્યુ વિચારવા જેવું છે. ગુજરાતને એની પૂરી પિછાન નથી,

શ્રી. મુનશી જેવા કેટલાક લેખકોએ ઐતિહાસિક સાહિત્યને અન્યાય કર્યો છે. ઇતિહાસનાં તેજસ્વી પાત્રોને પોતાની મનસ્વી વૃત્તિઓથી રંગીને પોતાના માનસનું પ્રદર્શન ભર્યું છે! પ્રતાપી પાત્રોની પવિત્રતા સામાન્ય માનસમાં આવતી જ નથી.

મહામંત્રી ઉદયનને શ્રી. ક. મા. મુનશીએ પોતાની નવલકથાઓમાં સાવ હીણુ ચીતર્યા છે. એમની એ નવલકથાઓ અંગ્રેજી નવલકથાઓમાંથી સરજાઈ છે. ને એ નવલકથાઓમાં જે જે પાત્રો હતાં, તે તે પાત્રો પોતાની નવલમાં ખડાં કરવાં, ને ઇતિહાસનો આભાસ આપવા એમણે સોલંકી યુગ લઈને એ વખતનાં પાત્રો મન ફાવતાં ગોઠવીને ગમે તે રીતે ઘડ્યાં છે. તેઓએ એક પ્રસંગે જાહેર કર્યું હતું કે મુંજાલને ઠેકાણે પહેલાં શાંતુ મૂકયો હતો, પણ પછી ફેરવી નાખ્યો. મંજરી એમની કલ્પનાનું પાત્ર છે! આમ એમણે નવલકથાનો રસ જમાવવા ગુજરાતનાં પ્રતિભાશાળી પાત્રોનો ખુરદો કરી નાખ્યો છે.

આ વખતે એક ભરવાડનું દષ્ટાંત યાદ આવે છે. સ્ત્રી–પુરુષ નદી ઊતરતાં હતાં. સ્ત્રીએ પોતાના પગે સુંદર મેંદી મૂકી હતી. પુરુષને એનો મોહ હતો. સ્ત્રીને પગે પાણી ન અડે એટલે એણે સ્ત્રીને અવળી પકડી. માથું નીચે ને પગ ઉપર. સ્ત્રી પાણી પીને મરી ગઈ, પણ પેલા પુરુષે કહ્યું: "ભલે જીવ ગયો, પણ રંગ તો રહ્યો." આમ એમણે નવલકથાનો ટેસ્ટ જાળવવા કેટલાંય મહાપ્રતાપી પાત્રોનો ખુરદો કરી નાખ્યો છે. આજના ઉદાર યુગમાં શ્રી. મુનશી જેવાએ એ પાત્રોને ન્યાય આપી પોતાના અપકૃત્યનું પ્રાયશ્ચિત કરવું જોઈએ. આ તો એક પ્રાસંગિક વાત થઈ. હવે આપણે મૂળ વાત પર આવીએ. ગુર્જર–ઇતિહાસના ઘડવૈયાઓમાં મહામંત્રી ઉદયનનું સ્થાન અનુપમ છે.

એંશી વર્ષના મહાનયોદ્ધા ઉદયન મૃત્યુશય્યા પર પોઢયા છે. સમરાંગણની એ ભૂમિ છે. એમણે સૌરાષ્ટ્ર પર કપરો વિજય તો મેળવ્યો, પણ દેહ ઘાથી જર્જરિત થયો છે. આ વિદાય વેળાએ

એમને ગુરુ-દર્શનની પ્યાસ જાગી. જેણે આખા જીવનમાં દેવ-ગુરુધર્મની ઉપાસના કરી, તેને તે અત્યારે કેમ વીસરી શકે? એમણે કહ્યું: 'મને એક જ ઇચ્છા છે. પ્રભુનું નામ સંભળાવનાર કોઈ ત્યાગીના સાંનિધ્યમાં મારો દેહ છોડું...'

આ સમરભૂમિમાં ત્યાગી સાધુ લાવવા ક્યાંથી? રણમેદાનમાં એક તરગાળો હતો. એણે સાધુનો વેશ ભજવવા હા કહી. એ સાધુનો વેશ પહેરી હાજર થયો અને દૂરથી જ ધર્મલાભ કહી ઊભો રહ્યો. મહામંત્રી ઉદયન સાધુને જોતાં જ પથારીમાંથી અર્ધા બેઠા થઈ ગયા. એમની આંખોમાં પ્રેમનાં ઝળઝળિયાં આવ્યાં. એમને થયું, મારું કેટલું પુણ્ય કે અંત સમયે આવા ત્યાગી મહાત્માનાં પણ દર્શન થયાં. એણે ચરણરજ લીધી. પેલાએ **નમો અરિહંતાણં** સંભળાવ્યું. ઉદયનનું માથું નમ્યું. એણે છેલ્લું શરણ લીધું. **અરિહંતં શરણં પવજ્જામિ.** અરિહંતને શરણે જાઉં છું.

**ઐસી દશા હો, ભગવન, જબ પ્રાણ તનસે નીકલે,**
**ગુરુરાજ હો નિકટમેં, ઔર ધર્મ હો મેરે ઘટમેં.**

જીવન ધર્મમય ને પવિત્ર હોય તો જ એ સમયે ગુરુ યાદ આવે. મહામંત્રી ઉદયને પ્રભુનું નામ જપતાં મૃત્યુનું શરણ લીધું. એ પછી રાજ્ય તરફથી તરગાળાને સારું ઇનામ આપવા લાગ્યા, ત્યારે એણે એનો અસ્વીકાર કરતાં કહ્યું, 'ના, દ્રવ્ય મારે ન ખપે. જે વેશના દર્શનથી મહામંત્રી જેવાનું મરણ સુધર્યું, જે વેશના ચરણોમાં ઉદયન જેવા મહામંત્રી પણ નમે એવો પાવનકારી પવિત્ર વેશ મળવા છતાં હું છોડું તો મારા જેવો નિર્ભાગી કોણ? મને ત્યાગના પંથે જવા દો. હું કોઈ જ્ઞાની ગુરુના શરણમાં જઈ શાસ્ત્રનો અભ્યાસ કરી, ચરિત્ર પાળી મારા જીવનને ધન્ય બનાવીશ. મને જવા દો **અરિહંતં શરણં પવજ્જામિ.**'

વેશ લઈને ભજવતાં આવડવો જોઈએ. તમે પણ મનુષ્ય-

ભવનો વેશ ભજવો છો ને ? છપ્પન ઈંચનો ડગલો પહેરવા માત્રથી કાંઈ મનુષ્ય ન થવાય. બહારના વેશમાં સૌ સારા દેખાય છે, સારા દેખાવાનો પ્રયત્ન પણ કરે છે; પણ ખરેખર સારા થવાને પ્રયત્ન કેટલા કરે છે? ફોટો પડાવવા જાઓ ત્યારે કેવા દેખાઓ છો ? બહાર સુંદર અને અંદર બગાડ, આ ક્યાં સુધી ચાલશે ? અંતે પ્રભુના દરબારમાં તો અંદરનું બહાર આવ્યા વિના નહિ રહે ને ?

કુદરતે આપણી છાતીમાં વિચારો જોવાની બારી નથી મૂકી. એવી બારી હોય તો શું પરિણામ આવે? પોલ બધી ઊઘડી જ જાય ને ! બધા દાવપેચ દેખાવા લાગે ને! તમારા દિલમાં કોણ રમે છે ! અને કેવા વિચારો આવે છે એ બધું દેખાય તો પછી તમારો કોઈ સંગ પણ ન કરે? પેટનો છોકરો પણ કહે કે તમે દૂર રહો, સ્ત્રી પણ સંભળાવી દે કે તમે કેવા છો તે હવે જોઈ લીધા. પતિ પણ કહી દે કે તું કેવી સતી છે તે સમજાઈ ગયું. પણ સારું છે કે એવી બારી નથી. પણ દુનિયા ન જુએ તો કાંઈ નહીં. અનંત સિદ્ધો તો જુએ છે ને ? પ્રભુ આપણા કાર્યોનો સાક્ષી છે. માટે મનુષ્યત્વની છબીને ધર્મની ફ્રેમથી મઢો.

એક કવિ કહે છે :

'નરભવ નગર સોહામણું પામીને કરજે વેપાર.' ચોરાશી લાખના ફેરામાં આ નરભવ નગર અનુપમ છે. મનુષ્ય દેહરૂપી ઉત્તમ બંદર મળ્યું છે. જીવન એવું બનાવો કે ગમે તે પળે મૃત્યુ આવે તો પણ મુખ ઉપર પ્રસન્નતા હોય. આજે તો અંત સમયે દવાખાને લઈ જાય, ત્યાં અભક્ષ્ય અને અપેય દવા પીને મૃત્યુ પામે ! દવા પીને કોઈ અમર થયું છે કે ?

## અમરત્વને આરે

અમરત્વ ક્યાં છે? દવા અને ડોકટરો અમર નહિ બનાવી

શકે. અમરત્વ માટે એક રૂપક છે. દેવોએ ઘણા કષ્ટે અમરત્વ શોધ્યું. પણ રાખવું ક્યાં કે જેથી તે માનવને મળે નહિ. એકે કહ્યું:

પર્વતની ટોચ પર મૂકો.' જવાબ મળ્યો: 'જે માનવ માઉન્ટ એવરેસ્ટને સર કરી શકે તે કયા શિખરે ન પહોંચે ?' ત્યારે ક્યાં સંતાડવું ?

બીજા દેવે કહ્યું : 'પર્વતની ગુફામાં કે ખીણમાં સંતાડો.' ઉત્તર મળ્યો: 'જે માણસોએ માઈલ માઈલ ઊંડી ખીણો અને ખાણો ખોદી, તે ગુફાઓને રહેવા દેશે ખરા ?'

એટલામાં એક વિબુધ બોલ્યો : 'અમરત્વને એવે સ્થાને મૂકો કે જ્યાં માણસને શોધવાનું મન ન થાય. જેને વિચાર સરખો ય ન આવે !' એટલે અમરત્વને માણસના હૈયામાં મૂક્યું. તે દિવસથી માણસ બહાર સર્વત્ર અમરત્વને શોધતો ફરે છે. પણ અંતરમાં, પોતાના હૈયામાં તો તપાસતો પણ નથી. એની સામે જ છે, એની જ ઉપર પગ મૂકી એ આગળ વધે છે !

જ્ઞાનીઓ આ વાતને સાદી ભાષામાં સમજાવે છે, 'જેમ વન ઢૂંઢે મૃગ કસ્તૂરિયો, લેવા મૃગમદ ગંધ.' હરણની ડૂંટીમાં કસ્તૂરી છે, પણ એ ત્યાં શોધતું નથી. જે દિશાથી પવન આવે તે દિશા ભણી એ દોટ મૂકે છે ! તેમ અમરત્વ આપણી પાસે છે, પણ આપણે અંતરમાં ડૂબકી મારતા નથી અને જ્યાં ત્યાં શોધતાં ફરીએ છીએ. લોકો ધર્મને બાહ્યાચારમાં શોધી રહ્યા છે. મંદિરોમાં જઈ જોરશોરથી ઘંટ વગાડ્યા કરે, જાણે ભગવાનને જગાડતા ન હોય ! સૌને બાહ્ય ધર્મ જોઈએ છે, અંતરધર્મ અદૃશ્ય થતો જાય છે. અરે ભાઈ ! સાચો ધર્મ અંદર છે, માટે અંદર આવો.

આજ જડ–વિજ્ઞાન વધ્યું છે, પણ આત્મ–વિજ્ઞાન વિના બધું નકામું છે. એ દુનિયાનું બધું અપાવશે, પણ અમરત્વ નહિ અપાવે. અમરત્વ આત્મામાંથી જ પ્રગટવાનું છે, દેહ ભલે પડે, પણ આત્મા નથી પડવાનો. આ દૃષ્ટિ આજના વિજ્ઞાનમાં ક્યાં છે ?

સાગરજી મહારાજ માંદા હતા. ભક્તોએ ડૉક્ટરને બોલાવ્યા. મહારાજશ્રીની છેલ્લી સ્થિતિ હતી. ડૉક્ટરે તપાસીને ખાનગીમાં જઈને એક ભાઈને કહ્યું. સીરિયસ છે.' મહારાજશ્રીને કાને આ શબ્દો પડયા. મહારાજશ્રી હસી પડયાઃ 'અરે, ભલા ડૉક્ટર! આ વાતને ખૂણામાં જઈને શું કહો છો? હવે ભય કયાં છે કે ગભરાવાનું હોય! સમરાંગણના મરણિયા લડવૈયાને મૃત્યુનો ભય કેવો? એ લડવા માટે તો નીકળ્યો છે. અમે મૃત્યુની સામે જંગ ખેલવા તો સાધુ થયા છીએ.'

આ સાંભળી સૌ નમી પડયા. મૃત્યુની છેલ્લી પળે પણ કેવું ધૈર્ય! મૃત્યુ પ્રત્યે કેવી બેપરવાઈ? કિંમત દેહની નહિ, પણ આત્માની છે! એ માટે એક સુંદર દૃષ્ટાંત આપું.

## જીવનનાં મૂલ્ય

એક કંજૂસ કરોડપતિનું શબ સ્મશાનમાં પડયું હતું. એ સ્મશાન નદીના કિનારે હતું. આ વહેતી નદીના કિનારે એક યોગી બેઠા હતા. એટલામાં એક ભૂખ્યું શિયાળ પેલા શબ પાસે આવ્યું અને શબ પર તરાપ મારી. ત્યાં યોગી બોલ્યા : **रे रे जम्बूक! मुञ्च मुञ्च सहसा निचस्य निन्द्यं वपुः** 'શિયાળ! રહેવા દે, રહેવા દે. આ નીચ દેહ છે. એની કાયા નિંદાને પાત્ર છે, એને ખાઈશ તો તારી પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જશે.'

શિયાળે કહ્યુંઃ 'બાપુ! મને ખૂબ ખૂબ ભૂખ લાગી છે. હું બીજું કાંઈ નહિ ખાઉં, હું તો માત્ર એના હાથ જ ખાઈશ.'

યોગી કહે : 'હાથ ન ખવાય કારણ કે **हस्तौ दानविवर्जितौ** આ હાથ દાન વર્જિત છે. આ હાથે દાન કર્યું નથી. આ હાથથી એણે લૂંટ જ ચલાવી છે. આ હાથથી એણે નોટનાં બંડલો જ ભેગાં કર્યાં છે. કેવી રીતે ભેગાં કર્યાં છે તે તને ખબર છે? લૂંટીને, લોકોને ફસાવીને, અજ્ઞાનમાં રાખીને, વિશ્વાસઘાત કરીને.–ભેગાં કર્યાં છે.'

આ વાત વિચારવા જેવી છે. ભેગું તો કર્યું પણ સાથે શું આવવાનું? પાછળ મૂકીને જવા માટે કેટલાં પાપો થઈ રહ્યાં છે? પુણ્યનો સૂર્ય તપે છે ત્યાં સુધી પૈસાનો પ્રકાશ આવે છે, એ આથમતાં આત્માનું શું?

જબ લગ તેરે પુણ્યકા,
આયા નહીં કરાર,
તબ લગ સબકુછ માફ હૈ,
ગુના કરો હજાર.

જ્યાં સુધી પુણ્ય છે, ત્યાં સુધી ધમધોકાર ચાલે. ઊંધું નાખશો તોય સીધું પડશે. પુણ્યનો કરાર પૂરો થશે એટલે પાપનો વારો આવશે. પછી સવળું કરશો તોય અવળું પડશે. લક્ષ્મીને રાખવા માગશો તોય તે તાળી દઈને ચાલી જશે. અત્યારે તમારી પાસે છે, ત્યારે તમે વાપરો નહિ, તો લક્ષ્મી તમારી પાસે કઈ રીતે ટકે?

આજ તો લોકોની એવી વૃત્તિ થઈ છે કે, હું આખા ગામનું ખાઉં, મારું ખાય એનું નખોદ જાય. આવી વૃત્તિ હોય ત્યાં ઉદારતા કેમ સંભવે? આવા માણસો કદાચ દાન કરે તે પણ કીર્તિ માટે. પાંચ હજાર રૂપિયા આપે. બીજે દિવસે ક્યાં જુએ? 'છાપા' માં: 'છાપા' માં પોતાના સમાચાર અને ફોટા ન જુએ તો પેટમાં ગોટા જ ઊપડે!

દાન એક પ્રકારનો વ્યાપાર ન બનવો જોઈએ. દાનવીર પુરુષોએ પાલીતાણામાં મંદિરોનું નગર ઊભું કર્યું, પણ ક્યાંય નામ ન મળે, આજ તો એક 'પટ' કરાવે તોય અંદર નામ કોતરાવે!

તમે કહેશો: 'અમે અમારા પૈસા આપીએ તો બદલો ન માગીએ?' પણ હું તમને પૂછું: તમે આ પૈસા લાવ્યા ક્યાંથી? ગરીબો પાસેથી ને? તો જેમનો છે, તેમને આપો છો. તેમાં આટલા શાના ફુલાઓ છો? એક ઠેકાણે ટેકરો છે એનો અર્થ એ જ કે બીજે ઠેકાણે ખાડો પડ્યો છે!

પહેલાંના જમાનામાં સુખી માણસો ઘરમાંથી નીકળતા ત્યારે અપંગ માણસો તેમની વાટ જોઈને બેસતા. લૂલા, લંગડા આંધળાઓનું એ પોષણ કરતા, અને ખીસ્સામાં સોનામહોરો પણ રાખતા. જરૂરિયાતવાળા સારા માણસને જોઈ સોનામહોરથી પણ ખીસું ભરી દેતા. એવા દાતાઓ ગયા. આજ તો કેવા રહ્યા છે. તે કવિ કહે છેઃ

દાતા દાતા મર ગયે
રહ ગયે મખ્ખીચૂસ
લેને દેને મેં કુછ નહિં
લડને મેં મજબૂત.

આજ તો મોટરમાં જાય. આગળ કોઈ ગરીબ આવે તો કચરાઈ મરે અને પાછળ પડે તો ધુમાડાના ગોટા મળે. ગરીબો ધનિકો પાસે આશા ન રાખે તો કોની પાસે રાખે ? કોઈ ગરીબ શ્રીમંતના બંગલા પાસે જાય તો ભૈયો ચોર જાણી ધક્કા મારે. જો કે કેટલાક સારા શ્રીમંતો પણ હોય છે. પણ તે કેટલા ? આંગળીના વેઢ પર આવે એટલા જ ને ?.

ભીખ માગવા આવનાર તો ભિક્ષા માગે છે, અને જાણે આડકતરો તેમને ઉપદેશ પણ દે છે. 'શેઠ, ગયા ભવમાં અમારી પાસે પણ તમારા જેવો જ વૈભવ હતો. સંપત્તિ હતી, પણ અમે ન આપ્યું એટલે અમારે તમારે ત્યાં માગવા આવવાનો વારો આવ્યો. તમે આજ નહિ આપો તો આવતા ભવે તમારે પણ અમારી જેમ માગવું પડશે. માટે આપો, થોડામાંથી પણ થોડું આપો...' આ હાથ દાનથી શોભે છે, કંકણ કે ઘડિયાળથી નહ. હાથથી દાન ન અપાયું તો એ શિયાળ જેવા પશુના ખાવાના કામના પણ નહિ રહે.

**ચાંદાં તો કાગડા પણ જોઈ શકે**

યોગીએ જ્યારે શિયાળને કહ્યું : કે આ મૃતદેહીના હાથે દાન

કર્યું નથી, પણ લૂંટ કરી છે; માટે આ હાથ ખાવા લાયક નથી. ત્યારે શિયાળે કહ્યું : 'આના બે કાન ખાઉં ?'

યોગી કહે : 'નહિ, કાન પણ નહિ. **श्रुतिपटौ सारश्रुतिद्रौहिणौ** આ કાને ધર્મકથા સાંભળી નથી, દર્શનકથા આ કાનને સ્પર્શી નથી. તેણે તો રેડિયોનાં ગાણાં શાંતિથી સાંભળ્યાં છે. દુનિયાના ન્યૂઝ સાંભળ્યા છે, આત્માના ન્યૂઝ સાંભળવાની એને ફુરસદ નહોતી.

કાનને રાજ્યકથા સાંભળવી ગમે. દેશકથા સાંભળવામાં રસ આવે. ખાવાપીવાની વાતમાં—ભોજનકથામાં કાન સવળા થઈ જાય અને સ્ત્રીકથા આવે ત્યાં તો એમાં તલ્લીન થઈ જાય, એકાગ્ર બની જાય. પણ નીતિકથા કાઢો તો ભાઈને ઝોકાં આવે, આળસ ચઢે. સમય નથી. કદાચ કોઈ પ્રસંગમાં સાંભળવા બેસી જાય તો એવા શાહુકાર જરાય સાથે લઈને ન જાય ! સાંભળેલું બધું જ અહીં મૂકી જાય ! લઈ જાય તો ચોરમાં ખપે ને !

આત્માની વાત એક કલાક પણ સાંભળવા માટે સમય ન મળે તો માણસાઈ કઈ રીતે આવે ? માનવતા કઈ રીતે જાગે ? આત્મપ્રબોધ કઈ રીતે થાય ?-ત્રેવીશ કલાક આ કાનમાં દુનિયાનું ઝેર રેડાઈ રહ્યું છે. એ ઝેરને ધોનાર હોય તો વીતરાગની આ પવિત્ર વાણી છે. આ વાણીનાં પાણી ન મળે તો આત્માની મલિનતા કઈ રીતે ટળે ? આખો દિવસ દુનિયામાં જોશો તો નિંદા સિવાય કાંઈ ન મળે. ચાર માણસ ભેગા થાય તો નિંદા કરવાના. પ્રશંસા કોઈનાય મોઢે આવે છે ? આખા દિવસમાં તમે કેટલા માણસના સદ્‌ગુણ જુઓ છો ? અને દુર્ગુણ કેટલાના જુઓ છો ? તમારા ધ્યાનમાં પહેલા ગુણ આવે છે કે અવગુણ ? ચાંદાં જોવાનું કામ તો કાગડા પણ કરી શકે છે; એ જ કામ માનવદષ્ટિ કરશે તો માનવીની મહત્તા શી ? પાપીઓનાં પાપો જ પાપીઓને મારશે. નિંદા કરી તમે શું કરવા તમારા આત્માને મલિન કરો છો ? યાદ રાખજો કે નિંદા પણ દારૂ જેવી માદક વસ્તુ છે. એનો કેફ ચઢ્યા પછી માણસ ચૂપ રહી

શકતો જ નથી. પછી તો એ વગર બોલાવ્યો, વિના પૂછે પણ જેના તેના અવર્ણવાદ બોલતો ફરવાનો.

જૂની કહેવત હતી: ચાર મળે ચોટલા તોડી નાખે ઓટલા. હવે એ કહેવતને ફેરવવી પડશે. બહેનોને ઘરની જવાબદારીને લીધે એ ઓટલા તોડવાની ફુરસદ નથી. હવે તો પુરુષો જ ભેગા થઈને ચૂંટણીમાં ને ઉમેદવારીમાં ઓટલા તોડતા હોય છે. એટલે ચાર મળે ચોટલી તો (કો'કની) તોડી નાખે રોટલી! સવારથી ઊઠીને પ્રભુનું નામ લેવાને બદલે ઓટલા પર છાપાં લઈને બેસી જાય અને દાતણ કરતાં કરતાં છાપું વાંચતો જાય અને આખી દુનિયાનું જાણે પોતે ન જાણતો હોય એમ વાંચતો જાય! બેપાંચ એની પાસે બેસીને આવી વાતો સાંભળી મનમાં ડોલતા જાય. અરે, આવી કારમી કાળી કથાઓ સાંભળવા માટે આ કાન મળ્યા છે ?

## પત્રકારોનો ધર્મ

મારે કહેવું જોઈએ; આજે કેટલાક પત્રકારો પણ પોતાનો ધર્મ ભૂલ્યા છે. પ્રજાને શું પીરસવું એ પત્રકારના વિવેક પર આધાર રાખે છે. પત્રકાર વિવેકી હોય તો પ્રજાને તારી શકે, પ્રજાને મહાન બનાવી શકે અને પ્રજા ઉન્નત ભાવનામય બને એવું સાત્વિકસાહિત્ય પીરસી શકે. આજે ઉપદેશકોનું સ્થાન છાપાઓએ લીધું છે. ઉપદેશકો ખૂણામાં છે, પત્ર જાહેરમાં છે. પ્રજામાનસ ઉપર પત્રની અસર જેવી તેવી નથી. એ ધારે તે કરી શકે, એટલે પત્રકારની પ્રજ્ઞા પણ વિવેક માગે છે, તેમ વાચકની પાસે પણ વિવેકનો ચીપિયો હોય તો એ ગ્રહણ કરવા લાયક ગ્રહણ કરે ને નિંદ્ય તેમજ અયોગ્ય હોય તેને જતું કરે. આવો વિવેક હશે તો આ કાન ધન્ય થશે, નહિ તો આ કાન શિયાળના ખાવાના કામમાંય નહિ આવે.

## સૌંદર્યના અશ્વનો સવાર કોણ થઈ શકે?

જોયું કે? યોગીએ હાથને નિંદ્ય ગણ્યા, પવિત્ર શ્રવણ વિનાના

કાનને અયોગ્ય કહ્યા, ત્યારે શિયાળે પૂછ્યું. 'તો આંખ ખાઉં ?'

યોગી કહે: **नेत्रे साधुविलोकनेन रहिते** આ આંખોએ સાધુ પુરુષોનાં દર્શન નથી કર્યાં, સાધુ પુરુષો એને ગમ્યા જ નથી. સત્પુરુષોને સામે આવતા જોઈ, એણે આંખ આડી કરી છે. આ આંખોએ સ્ત્રીઓનાં ઉદ્ભટ રૂપ જોવામાં જ જન્મારો કાઢ્યો. રૂપમાં, રંગમાં, સૌન્દર્યમાં આ આંખો ખૂંચી ગઈ. જે વસ્તુને જોવાની ના પાડી ત્યાં આ નયનો ઠર્યાં, અને જ્યાં નયનોને ઠરવાનું કહ્યું ત્યાંથી ખસ્યાં.

તમે રસ્તા પરથી પસાર થાઓ છો ત્યારે જુઓ છો ને ? માણસોની આંખો ઠેકાણે છે ખરી ? એ કેવી આડીઅવળી ભટકે છે ? કેટલીકવાર તો આ આંખો એવા એવા સ્થાનમાં તલ્લીન થઈ જાય છે કે કોઈની સાથે અથડાય ત્યારે જ એને ભાન આવે, એથી જ તો અકસ્માતો ( Accidents ) વધ્યા છે ! દેખતા આંધળાઓની સંખ્યા આજે ઓછી નથી. આવા અંધોને સાચાં સૌન્દર્ય–દર્શન ક્યાંથી લાધે ?

સંયમની લગામ જેના હાથમાં હોય તે જ સૌન્દર્યના અશ્વ ઉપર ચઢી શકે. આ આંખોને ચામડીના રૂપનો, સૌન્દર્યનો કેવો રસ છે તે જુઓ. ચિંતનાત્મક સાહિત્ય વાંચતાં આંખની પાંપણો પર ઊંઘ ચઢી બેસે, પણ સિનેમા કે નાટકમાં ઝોકાં આવે ખરાં ? એનું કારણ એ જ કે આંખમાં વિકાર છે, વિકારને વિકારી વસ્તુ જ ગમે.

**સૌંદર્ય કાંટો નથી; ફૂલ છે.**

એક કવિએ કહ્યું છે :

'Beauty is to admire and not to touch. If it is touched, it is spoiled.

સૌન્દર્ય પ્રશંસા ભરેલી દૃષ્ટિથી જોવા માટે છે, સ્પર્શવા માટે નથી. સ્પર્શતાં નાશ પામે. પણ તે કયું સૌન્દર્ય ? આ ચામડામાં

વસેલું કે પ્રકૃતિમાં વણાયેલું ? દેહદેશવાસી સૌન્દર્યને ઢૂંઢનારી આંખો પાપી છે. આવી આંખો એક સ્થાનથી બીજે સ્થાને અથડાયા જ કરવાની. એને સ્થિરતા કયાંથી હોય ? આત્મદેશવાસી સૌન્દર્ય માટે કહેવાય છે: **शुद्धम् अपापविद्धम् सौन्दर्यम्** એ સૌન્દર્ય શુદ્ધ છે; પાપને નહિ સ્પર્શેલું તે પવિત્ર છે.

આપણા મહાકવિ કહે છે:

**'ઓ રસતરસ્યાં બાળ ! રસની રીત ન ભૂલશો !**
**પ્રભુએ બાંધી પાળ, રસસાગરની પુણ્યથી.'**

ચામડાની રૂપકડી પૂતળીઓની શોધમાં જ્યાં સુધી આંખો પછાડા ખાતી હોય ત્યાં સુધી તેનામાં સૌન્દર્યરસ ઉપાસિકા શુદ્ધ ચેતના છે એમ કેમ કહેવાય ? હું કહું છું, સૌન્દર્યના ભક્ત બનજો, એને પૂજજો. પણ તે સૌન્દર્ય આત્મિક હોવું જોઈએ. યાદ રાખજો, સૌન્દર્ય કાંટો નથી, ફૂલ છે. એના દર્શનથી ઘા ન વાગે, પણ હૃદય સુવાસિત થાય. ડંખ વાગે ત્યાં સૌન્દર્ય નથી, પણ વાસના છે. સિનેમા જોઈને આવ્યા પછી હૈયું નિર્મળ ને હળવું નથી બનતું, પણ વિકલ્પોના ભારથી ભારે બને છે. જ્યારે વીતરાગનાં દર્શનથી મન વિકલ્પોથી મુક્ત બની હળવું ને સુવાસિત બને છે: એટલે કવિએ કહ્યું છે:

અખિયનમેં અવિકારા જિનંદા,
તેરી અખિયનમેં અવિકારા,
શાંત રુચિ પરમાણુ નિપાયા,
તુજ મુદ્રા મનોહારા.

હે ભગવાન ! તારી આંખોમાં અવિકાર છે, કારણ કે શાંત અને પવિત્ર પરમાણુઓથી ઘડાયેલી તારી મનોહર મુદ્રામાં વિકાર કયાંથી હોય ? અમારી આંખો વિકારી છે. કારણ કે રાગ અને દ્વેષના અપવિત્ર પરમાણુઓથી ઘડાયેલા અમારા દેહમાં અવિકાર

ક્યાંથી હોય ? અમારા વિકારના અંધકારને તારાં દર્શનની જ્યોતમાં અમે બાળવા માટે આવ્યા છીએ. એને તું બાળી નાખ અને અમને પણ અવિકારી બનાવ.

આપણી આંખોમાં શું ભર્યું છે તે આપણને દેખાતું નથી. જેમ મોં પર ડાઘ હોય પણ આપણને ન દેખાય, અરીસો મળે તો જ આપણે આપણા મુખ પર રહેલા ડાઘને જોઈ શકીએ. તેમ આગમશાસ્ત્રનો અરીસો મળે તો આપણી આંખોમાં રહેલા વિકારને જોઈ શકીએ *પણ આપણને તે જોવાની ફુરસદ નથી.* મોહની મહા પ્રમાદ મદિરા પીને આપણો આત્મા ચકચૂર બન્યો છે; ઘેલો બન્યો છે. ઘેનમાં એ પોતાના દોષનો ટોપલો બીજા પર નાખે છે.

એક માણસને અમદાવાદથી મુંબઈ જવું હતું. એણે મુંબઈની ટિકિટ કઢાવી અને પ્લેટફોર્મ પર આવ્યો. તે દારૂ પીને ચકચૂર બન્યો હતો. કેફમાં કઈ ગાડીમાં બેસવું એનું એને ભાન ન રહ્યું. તે આબુ ભણી જતી ગાડીમાં ચઢી બેઠો. ગાડી ઊપડી. મહેસાણા આવતાં ટિકિટ-ચેકર આવ્યો. એણે ટિકિટ માંગી. ટિકિટ જોઈ એણે કહ્યું, ‘આ તમારી ટિકિટ તો મુંબઈની છે, અને તમે તો દિલ્હી મેલમાં બેઠા છો. તમે ભૂલ્યા લાગો છો !’

આ સાંભળી પેલો દારૂડિયો તાડુક્યો : ‘હું ભૂલું ? હું તો બરાબર જોઈને બેઠો છું. પણ તમારા ડ્રાઈવરે દારૂ પીધો લાગે છે ! એ મુંબઈ લઈ જવાને બદલે આ બાજુ ગાડી લઈ આવ્યો છે. એને નીચે ઉતારો અને કહો કે ગાડી પાછી મુંબઈ ભણી લઈ જાય...’

વિચારો. દારૂ કોણે પીધો હતો ? આવી દશા જગતની છે ! પોતે ભૂલોની આંધીમાં અટવાઈને બીજાની ભૂલો શોધી રહ્યું છે. કેફમાં પોતાને પોતાના ગામની ખબર નથી. આપણું ગામ એ આ ફાની દુનિયા નથી. અહીં તો અલ્પ સમય માટે આવ્યા છીએ. અહીં વિસામો લીધા પછી અહીંથી આગળ વધવાનું છે. આપણું ધામ

દૂર છે, ઉપર છે, સૂર્ય ને ચંદ્રનીયે પેલી પાર છે. જ્યાં સૂર્યનો પ્રકાશ પણ ઝાંખો લાગે એવા પ્રકાશમય, સૌન્દર્યમય મોક્ષ–પ્રદેશનો નિવાસી આપણો આ આત્મા છે. એનો વિચાર સ્વપ્નેયે આવે છે ?

એક ગામમાં એક ભાઈએ પ્રશ્ન કર્યો. 'ત્યાં મોક્ષમાં ખાઈપીને વાતો કરવાની ખરી કે નહિ ?'

મેં કહ્યું : 'ત્યાં વાતો કેવી ? ત્યાં તો આપણો આત્મા અનંત જ્ઞાનમય–પ્રકાશમય હોય છે. વીતરાગને વાતો કેવી ?'

ત્યારે ફરી પ્રશ્ન કર્યો. 'તો પછી વાતો વિના અમારો સમય કઈ રીતે પસાર થાય ? અમે તો મૂંઝાઈ જઈએ...'

મને વિચાર આવ્યો. જે લોકો વાત વિના રહી શકતા નથી, ઘોંઘાટ વિના જીવી શકતા નથી, કોલાહલ વિના જેમને પોતાનું જીવન શૂન્ય લાગે છે, આવા માણસોને આ મોક્ષની પ્રકાશમય પ્રદેશની કલ્પનાય ક્યાંથી આવે ? કેફમાં કદી સ્વસ્થ વિચાર આવતો જ નથી. મોહનો પણ કેફ છે. એમાં આત્માની સહજ ને વાસ્તવિક દૃષ્ટિનો વિકાસ ક્યાંથી હોય ?

આત્માની નૈસર્ગિક દૃષ્ટિ જાગે તો સમજાય કે આત્મા જ એક એવી ચીજ છે, જેને અગ્નિ બાળી ન શકે, પવન સૂકવી ન શકે, તલવાર છેદી ન શકે, પાણી ભીંજવી ન શકે, ને સ્નાન વિના પણ પવિત્ર છે અને આભૂષણો વિના પણ સુંદરતમ છે.

આવા આત્મસૌન્દર્યનું એકાદ કિરણ પણ મળે તો આ દૃષ્ટિ ધન્ય બને. એ વિના તો આ આંખ શિયાળને ખાવા ય યોગ્ય નથી.

યોગીએ હાથ, કાન, આંખ ખાવાની ના કહી, ત્યારે શિયાળે કહ્યું: 'તો આ બે પગ ખાઉં ?' યોગી કહેઃ **पादौ न तीर्थंगतौ** ભાઈ, પગ પણ ખાઈશ નહિ કારણ કે એ તીર્થે ગયા નથી. કદાચ

કોઈક વાર તીર્થે જાય તો પણ ઘોડાગાડીમાં, મોટરમાં કે ડોળીમાં. બીજાને પોતાનો ભાર આપી તીર્થે ગયા તેથી શુ વળ્યું ? પોતાના સ્નેહી આવવાના છે એમ જાણવા મળે અને વાહન ન હોય તો પગે ચાલીને પણ સામે જાય. સવારે ફરવા જવાનું, walking જવાનું હોય તો માઈલો સુધી ચાલે. કોઈ આસામી ફેઈલ થઈ જવાની છે, એમ સાંભળે તો અધરાતે પણ વાહન વિના ત્યાં દોડી જાય, પણ યાત્રાએ જતાં થાક લાગે.

## તીર્થસ્થાનોની ધર્મશાળાઓ

પૈસાનું નામ આવે ત્યાં પગમાં જોર આવે. પ્રભુનું નામ આવે ત્યાં કંટાળો આવે ! શરીરને શ્રમ આપ્યા વિના, પગે ચાલીને ગયા વિના યાત્રાનો પૂર્ણ લાભ કઈ રીતે મળે ? આજકાલ યાત્રાનાં ધામો, તીર્થસ્થાનો, અને ધર્મસ્થાનો અયોગ્ય આત્માઓને લીધે કર્મ સ્થાનો બની રહ્યાં છે. ત્યાં જાય એટલે ન ખાવાનું ખાય, ન પીવાનું પીએ, જુગાર રમે અને લહેર કરે. તમે તીર્થ સ્થાનોમાં રહેલી ધર્મશાળાઓની ઓરડીઓ જોશો તો તમને લાગશે: ક્યાંક બીડીનાં ઠૂંઠાં પડ્યાં હશે, ક્યાંક સિગારેટનો કચરો પડ્યો હશે. દીવાલ પર પાનની પિચકારીઓ મારેલી હશે અને આવનાર સપૂતોનાં નામ કાળા કોલસાના કાળા અક્ષરોમાં કોતરેલાં હશે !

આ બધું બની રહ્યું છે, કારણ કે જીવનમાં ધર્મ નથી. ધર્મને લોકોએ મંદિરમાં જ પૂરી રાખ્યો છે. એને હવે બહાર લાવો. જીવનમાં લાવો. માણસ જેમ જમે છે રસોડામાં, પણ એ ખોરાકને પચાવે છે બજારમાં. પચાવવા માટે રસોડામાં જ બેસી રહેવું પડતું નથી. તેમ માણસે ઉપાશ્રય ને મંદિરોમાંથી ધર્મને ગ્રહણ કરી, એનો ઉપયોગ વ્યવહારમાં કરવો જોઈએ. ધર્મને મંદિરમાં જ ન રખાય. ધર્મ જીવનમાં, વ્યવહારમાં અને વર્તનમાં આવશે તો જ એનો મહિમા વધશે. તો જ એ ધન્ય થશે. તો જ એ જીવંત બનશે.

## સાચી યાત્રા કોનું નામ!

થોડાં વર્ષો પહેલાંની આ વાત છે, જ્યારે લોકો યાત્રા વાહનમાં નહિ પણ પગપાળી કરતા હતા, તે દિવસની આ વાત છે. એક શેઠ તખતગઢથી પાલીતાણાની યાત્રાએ ગયા. સાથે એમનાં પત્ની પણ હતાં. બંને જણ લાંબો પ્રવાસ કરી પાલીતાણા પહોંચ્યાં. ગિરિરાજ ઉપર ચાલીને જઈ દેવનગરીનાં દર્શન કર્યાં. પ્રભુનાં દર્શનથી એમનો આત્મા નાચી ઊઠયો.

જે વસ્તુ ઘણા કષ્ટ પછી લાંબે ગાળે મળે તેનું મહત્ત્વ કોઈ ઓર હોય. શેઠે પણ ઘણા પ્રવાસ પછી જીવનમાં પ્રથમવાર જ આદીશ્વર પ્રભુને જોયા. એમનો આત્મા ડોલી ઊઠયો. આનંદમાં ડોલતા શેઠ મંદિરની બહાર નીકળ્યા, ત્યાં એક સાધુનો ભેટો થયો. શેઠે એમને પણ પ્રેમથી નમન કર્યું. સાધુએ પૂછ્યું : "શેઠ, તમે દૂરથી યાત્રાએ આવ્યા દેખાઓ છો?"

શેઠે એ હાથ જોડી 'હા' કહી.

સાધુએ કહ્યું : 'તમે દર્શન કર્યાં, હવે તો તમે તમારા ગામ ભેગા થશો, પણ દર્શનની મીઠી યાદ હૈયામાં કઈ રીતે રાખશો? જો આ પવિત્ર સ્થળમાં કોઈ નિયમ લો, કોઈ સંભારણું લો, તો કંઈક મીઠી સ્મૃતિ હૈયામાં સદા ટકી રહે. બાકી પથ્થર ઉપાડીને તો મજૂરો પણ આ તીર્થ ઉપર આવે છે. એમને થોડો જ યાત્રાનો લાભ મળવાનો હતો! યાત્રા તો તે કે જેની મીઠી યાદ આપણા જીવનને કોઈ સદ્‌ગુણથી ભરી દે!'

રંગમંડપમાં પ્રભુની સામે ઊભા રહીને જ શેઠે સાધુનાં વચન સાંભળ્યાં. એમને આ વચનો મીઠાં લાગ્યાં. એમણે કહ્યું : 'આપની વાત સાચી છે. દેવનાં દર્શન થયાં. ગુરુનાં વચનામૃતો પણ સાંભળવા મળ્યાં. હવે એક નિયમ લઉં તો ધર્મ પણ જીવનમાં આવે... તો ગુરુદેવ! મને નિયમ આપો. ગમે તેવા પ્રસંગમાં પણ મારે

ક્રોધ ન કરવો. જે ક્રોધે મારા જીવનને કટુ બનાવ્યું, એ ક્રોધને અહીં આવ્યા છતાં પણ ન છોડું તો યાત્રાનો અર્થ શો? ક્રોધને અહીં મૂકતો જાઉં અને પ્રેમની હવા અહીંથી લેતો જાઉં; એ જ યાત્રાની મીઠી સ્મૃતિ.'

સાધુએ કહ્યું: 'શેઠ, જો, જો, હોં. નિયમ તો લો છો પણ એ તૂટે નહિ. પ્રતિજ્ઞા લેવી સહેલી છે, પણ પાળવી ઘણી કઠિન છે. પ્રતિજ્ઞા લેવામાં ઘણા સિંહ જેવા શૂરા બની જાય છે, પાળવામાં શિયાળ જેવા કાયર...'

'ના, ગુરુદેવ! ના. એવું નહિ બને. દેહના ટુકડા થશે તોય નિયમ નહિ તૂટે.' દૃઢતાનું તેજ આંખમાં લાવી શેઠે કહ્યું.

શેઠ આ મીઠી સ્મૃતિ લઈ, યાત્રા કરી પોતાને ગામ આવ્યા. એ જમાનામાં આવી યાત્રા કરી આવનારનો કુટુંબી આખા ગામને આ ખુશાલીમાં જમણ આપતો. સૌ સ્નેહપૂર્વક સહભોજન કરતા અને યાત્રાની પવિત્ર હવા આખા ગામમાં છવાઈ જતી.

આ શેઠને એક ભત્રીજો હતો. એણે પોતાના કાકાની આ સફળ યાત્રા નિમિત્તે ગામને ભોજન આપવાનો નિર્ણય કર્યો. પણ એણે જ્યારે કાકાના નિયમની વાત સાંભળી ત્યારે એને કુતૂહલ થયું. કાકા એક કલાક પણ ક્રોધ વિના રહી શકે? ક્રોધ છોડે તો પછી એ કાકા શેના? આખું ગામ જાણે છે. ક્રોધ એટલે કાકા અને કાકા એટલે જ ક્રોધ. જોઉં તો ખરો કે કાકા કેવી રીતે નિયમ પાળે છે? સૌની વચ્ચે કાકાનું સ્વરૂપ પ્રગટ કરાવું તો જ હું ખરો ભત્રીજો.

એણે આખા ગામમાં જમવાનાં નોતરાં ફેરવ્યાં, પણ પોતાના કાકાના ઘરનો ટાળો કરાવ્યો. સાંજે સૌ થાળીવાડકો લઈ જમવા જવા લાગ્યાં, ત્યારે શેઠ પણ જવાની તૈયારી કરવા લાગ્યા. શેઠાણી છંછેડાઈ ગયાં: 'વગર નોતરે જમવા જતાં શરમાતા નથી? કાળ-ભૂખ્યાની જેમ આ ચાલ્યા.'

શેઠ તો પ્રેમની હવા લઈને આવ્યા હતા. એણે, હસીને કહ્યું: ‘ તારી બુદ્ધિને પણ ધન્યવાદ છે. અરે, ઘરમાં તે વળી નોતરાં શાં ને નિમંત્રણ શાં ? આપણે ક્યાં પારકાં છીએ ? આપણી યાત્રાનિમિત્તે તો આ પ્રેમભોજન છે ! ચાલ, ચાલ, હવે નિમંત્રણવાળી ! ’

શેઠાણી બબડતી એની પાછળ ચાલી. વાડીની ડેલીમાં એનો ભત્રીજો સૌનું સ્વાગત કરી રહ્યો હતો. કાકાને જોતાં જ એ પૂંઠ કરીને ઊભો રહ્યો. શેઠ એની પાસે થઈને પસાર થઈ ગયા. આગળ જતાં શેઠાણીએ કહ્યું : “ જોયું ? નિમંત્રણ વિના આવ્યા તો કેવી ફજેતી થઈ? સૌનું માનપૂર્વક સ્વાગત કરી રહ્યો છે. આપણને ‘ આવો ’ એટલુંય કહ્યું ? એ ગામને જમાડે છે તે આપણા માટે નહિ પણ એનું ખોટું ન દેખાય એટલા માટે જમાડે છે. તમારી તો સામુંય એ જોતો નથી. જાઓ તમારે જવું હોય તો હું તો આ ચાલી...”

ભત્રીજો દૂર ઊભો ઊભો આ વાર્તાલાપ સાંભળી રહ્યો હતો. એની આંખ બીજી બાજુ હતી, કાન અહીં હતા.

શેઠે કહ્યું : ‘ તીર્થે જઈ આવી, પણ તું તો આવી જ રહી. એકલો માણસ કેટલાનું ધ્યાન રાખે ? જોતી નથી એ કેટલી ધમાલમાં છે. એ તો આપણું બાળક કહેવાય. ચાલ હવે. ’

ભત્રીજાએ કાકાને સાંભળ્યા. એનું હૈયું નમી પડ્યું, પણ એને એક વધારે કસોટી કરવાનું મન થયું. એણે જઈને કાકાની થાળીમાં લાડવા પીરસવાને બદલે એક ગોળ પહાણો મૂક્યો. શેઠે ઊંચું જોયું. આસપાસ બેઠેલા સૌ હસી પડ્યા. દૂરથી શેઠાણીએ આ અપમાનજનક દૃશ્ય જોયું અને એ સળગી ઊઠી. પણ શેઠ તો તીર્થથી વિવેક ને પ્રેમ લઈને આવ્યા હતા. પ્રતિજ્ઞાની મૂડી એ એમ જવા દે ? એમણે પોતાનો જ કાન પકડતાં કહ્યું : ‘ મારા ભાણામાં પકવાન ન શોભે. પહાણો જ શોભે. હું વૃદ્ધ છતાં મારામાં એટલો ય વિવેક ન આવ્યો કે ગામનાં માણસો પહેલાં જમે, ઘરનાં માણસો છેલ્લે જમે. ઘરનો થઈને હું

પહેલો બેઠો, એ મારી ભૂલ તેં ઠીક સુધારી.' એમ કહી એમણે પીરસવાનું કમંડલ હાથમાં લીધું.

ભત્રીજાની આંખમાં આંસુ ધસી આવ્યાં. કાકાના ચરણોમાં એ ઢળી પડ્યો. એમની પવિત્ર ચરણરજ લેતાં એણે કહ્યું: 'કાકા! આપે સાચી યાત્રા કરી. આપ ક્રોધને શેત્રુંજી નદીનાં નિર્મળ નીરમાં ધોઈ આવ્યા. આપ ત્યાંથી ક્ષમા અને પ્રેમનું અમૃત લઈને આવ્યા. મને હતું કે કડવી તૂંબડીને ગંગામાં સ્નાન કરાવવા માત્રથી એની કડવાશ ન જાય. પણ ના, મારી ભૂલ છે. પારસમણિનો સ્પર્શ થાય તો લોખંડ પણ સોનું થાય છે. આપને દર્શનનો સ્પર્શ બરાબર થયો છે. આપની આ પ્રેમયાત્રા ધન્ય છે. મને ક્ષમા આપો.'

જમનારાઓએ જ્યારે આ પ્રેમકથા સાંભળી ત્યારે તો એમના ભોજનની મીઠાશમાં કોઈ અપૂર્વતા આવી વસી.

## યુદ્ધના લોહીનો પૈસો આવ્યો.

શિયાળ વિચાર કરે છે: 'હવે મારે શું ખાવું? હાથ, કાન, આંખ, પગ બધાં જ અપવિત્ર છે. તો લાવ પેટ ખાઉં.'

ત્યાં યોગી બોલ્યા:

'પેટ પણ ખાઈશ નહિ, કારણ કે પેટ તો અન્યાયથી, અત્યાચારથી મેળવેલા અનીતિના દ્રવ્યથી ભરેલું છે. આ પેટ ખાઈશ તો તારી બુદ્ધિ ભ્રષ્ટ થશે. પછી તું તારા જાતભાઈઓને મદદ નહિ કરે, જાતભાઈથી દૂર ભાગીશ; તું બીજાઓની સાથે તો લુચ્ચાઈ કરે છે, પણ પછી તો તું જાતભાઈને, તારા કુટુંબને પણ નહિ છોડે, માટે આ અન્યાયના દ્રવ્યથી ભરેલું પેટ ખાવું રહેવા દે.'

## સાધુઓમાં દ્વેષનું કારણ

અનીતિનું ખાય તો માણસની પ્રકૃતિમાં વિકૃતિ આવે છે. એ સગાભાઈઓ સાથે પણ કલહ કરે, વંચના કરે. આજકાલ સાધુઓ

પણ અંદર અંદર કલહ કરતા હોય છે, કારણ કે એમના પાત્રમાં આ અન્ન પડે એટલે એમની બુદ્ધિમાં વિકૃતિ આવે. નહિ તો સાધુઓમાં વેરઝેર, દ્વેષ, કલહ, કુસંપ હોય શાના? એમનામાં તો મૈત્રી હોવી જોઈએ, પણ મૈત્રીથી ભરેલા આજે સાધુઓ કેટલા દુર્લભ છે! સાધુ, સાધુને જોઈ દૂર ભાગતા હોય તો જાણજો કે અન્ન તેવું મન છે.

ભગવાન મહાવીરે દીક્ષા લઈ વિહાર કર્યો. પહેલે જ દિવસે એ પોતાના પિતાના મિત્ર એક તાપસના આશ્રમે આવી ચઢ્યા. તાપસને જોતાં જ પ્રભુના હૈયામાં પ્રેમની છોળ ઊછળી. એ બંને હાથ પહોળા કરી હૈયેહૈયું દબાય એ રીતે એકબીજાને ભેટી પડ્યા.

પ્રભુ તો મહાન સાધુ છે. પેલો સામાન્ય તાપસ છે છતાં કેવો પ્રેમ? સાધુનું દર્શન એ જ પુણ્ય છે, સાધુઓ તો હરતા ફરતા તીર્થ જેવા છે પણ તે કયા સાધુ? જે ત્યાગી હોય, બ્રહ્મચારી હોય, મૈત્રી ભાવથી છલકાતા હોય, એવા સાધુના નમનથી આપણામાં જરૂર નમ્રતા ને સભ્યતા આવે.

આજના યુગમાં લોકો નમન ભૂલ્યા, દંડવત પ્રણામ ભૂલ્યા અને નમસ્કાર પણ ભૂલતા જાય છે, હવે તો દૂરથી સલામથી (salute) પતાવે. આ યુદ્ધના અનાજથી માણસનું માનસ બગડ્યું છે. માણસ માણસથી દૂર ભાગે છે. માણસ એક બીજાને મળે છે તો વચ્ચે અવિશ્વાસનો પડદો રાખીને જ મળે છે. માણસના માનસમાં પાપ આવ્યું છે એટલે માણસો માને છે કે દૂર રહેવામાં જ સાર છે. કેટલાક કહે છે: ભાઈ! ચેતીને ચાલવાનો આ જમાનો છે. આહ! માનવતાની પ્રતિષ્ઠા ગઈ! હવે આપણી પાસે શું રહ્યું? માણસમાં કેટલો અવિશ્વાસ જાગ્યો છે તે તમને આ પ્રસંગ પરથી ખ્યાલ આવશે.

એક છોકરો દીવાલ પર બેઠો હતો. એનો પિતા નીચે ઊભો

રહી કહી રહ્યો હતો; 'બેટા! ઉપરથી ઠેકડો માર. હું તને ઝીલી લઈશ. જરાય ગભરાઈશ નહિ. હું નીચે ઊભો છું ને! તારે ડરવાનું હોય નહિ. ચાલ, કૂદકો માર જોઈએ.'

છોકરો મૂંઝાતો હતો. એને બીક હતી. ત્યાં ફરી એના બાપે કહ્યું. 'અરે, ડરે છે શાનો? તું પડતું મૂકીશ એવો જ તને ઝીલી લઈશ.' અને છોકરાએ ભૂસકો માર્યો. એનો બાપ ત્યાંથી ખસી ગયો. છોકરાને જરાક વાગ્યું. એણે બાપની સામે જોયું.

બાપે કહ્યું: 'મેં તને ભૂસકો નથી મરાવ્યો, પણ જીવનભર યાદ રહે તેવી–લાખ રૂપિયાની શિખામણ આપી છે. સગા બાપના વચન પર પણ વિશ્વાસ કરવા જેવો આ જમાનો નથી. કોઈના આધાર કે કોઈના વચન પર, કોઈ પણ કામ કરીશ તો હાથપગ ભાંગી જશે. તું ઉપર પડીશ એમ લાગતાં તારો બાપ પણ ખસી ગયો, ત્યાં બીજો તો ખસી જાય એમાં નવાઈ શી? માટે કોઈનાય આધારે ભૂસકો ન મારીશ. શત્રુ સાથે પણ એવી રીતે વર્તજે કે કોઈવાર મૈત્રી કરવાનો પ્રસંગ આવે તોય વાંધો ન આવે, અને મિત્ર સાથે એવી રીતે વર્તજે કે કોઈવાર એ તારા શત્રુ બની જાય તોય તને મુશ્કેલીમાં ન મૂકી શકે. કોઈનેય હૈયું ન આપતો.'

આજે જીવન કેવું છે તેનું આ પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. માનવીના મનનાં દ્વાર આજ ખુલ્લાં નથી, પણ બિડાયેલાં છે. એનામાં પ્રકાશ આવી શકતો નથી, અને અંદરનો અંધકાર બહાર જતો નથી. માણસ મળે છે, વાતો કરે છે, સાથે ખાય છે, પીએ છે. એકબીજા સાથે પ્રેમગોષ્ઠિ કરે છે. પણ વચ્ચે દીવાલ છે–પડદા છે. પ્રકાશ નથી, તિમિર છે. આવા સંજોગોમાં માનવતાની જ્યોત એકબીજાના હૈયામાં કઈ રીતે પહોંચી શકે?

શું થાય, દ્રવ્ય એવું આવ્યું! કાળાં બજારોનો, યુદ્ધના અત્યાચારોનો, વિશ્વાસઘાતનો પૈસો આવ્યો એટલે માનવી માનવતા-

વિહોણો બન્યો. માણસ હવે ખવડાવીને નથી ખાતો, પણ લૂંટીને એકાન્તમાં બેસી એકલો ખાય છે. ત્યાં સાધર્મિકવાત્સલ્ય કે સહભોજનની તો વાત જ કયાં રહી ? અતિથિને ભોજન આપવાની વાત, આજ તો કેટલાકને કલ્પનાસૃષ્ટિ જેવી લાગે છે, છતાં આપણું ભાગ્ય કે આવી હવામાં પણ માનવતા ભરેલા અને મૈત્રીથી છલકાતા હૈયાવાળા માનવો મળી આવે છે. એવાઓને જોઉં છું ત્યારે માથું એમના ચરણમાં નમી પડે છે.

થોડાં વર્ષો પહેલાં મુંબઈની નિશાળના બે શિક્ષકો કેટલાક પ્રશ્નો પૂછવા આવેલા. અમારો વાર્તાલાપ ચાલતો હતો. મેં એ પ્રસંગને ઉદ્દેશીને શ્રીરામ અને ભરતનું નામ લીધું, ત્યાં પેલા બીજા ભાઈએ કહ્યું : ' આ ભાઈને આ યુગના ભરત કહીએ તોય ખોટું નથી. એવો એમનો ત્યાગ છે. એમની ઉંમર ૪૫ વર્ષની છે. એ અપરિણીત છે. બ્રહ્મચારી છે, પોતાના ભાઈના કુટુંબ ખાતર એમણે જીવનભર બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી છે. '

મને એમની આ વાત જાણવાની જિજ્ઞાસા થઈ. મેં એમને જ પૂછ્યું, ' આ વાતનું રહસ્ય શું છે ? '

એમણે નમ્રતાથી કહ્યું, ' એવો કોઈ મહાન ત્યાગ મેં કર્યો નથી. આ ભાઈ મારા મિત્ર છે એટલે પ્રશંસા કરે છે, મેં તો મારી ફરજ બજાવી છે. અમે બે ભાઈઓ હતા. મારા મોટા ભાઈએ કેટલાંય દુઃખ ને કષ્ટ વેઠી મને ભણાવ્યો, પુસ્તકો લેવા માટે ને ટર્મ ફી ભરવા માટે પણ પૈસા અમારી પાસે ન હતા. ત્યારે મહિનાઓ સુધી એક ટંક ભૂખ્યા રહી એમણે મને ભણાવ્યો. એમને યાદ કરું છું એટલે થાય છે એ કેટલા મહાન હતા ? આજથી વીસ વર્ષ પહેલાં હુલ્લડમાં એ અણધાર્યો મૃત્યુ પામ્યા. પાછળ ચાર બાળકો અને ભાભી રહ્યાં. આજીવિકા માટે કોઈ સાધન ન હતું. સૌ નિરાધાર થઈ ગયાં. તે વખતે હું અમદાવાદમાં ભણાવતો હતો. એ જ વર્ષમાં

મારાં લગ્ન થવાનાં હતાં. ભાવિનાં મધુર સ્વપ્નો મને ખેંચી રહ્યાં હતાં. બીજી બાજુ મારા ભાઈનું નિરાધાર કુટુંબ હતું. મારે શું કરવું ? હું લગ્ન કરું તો મને મળતા સો રૂપિયા મારા સંસારમાં જ પૂરા થાય. ભાભી અને બાળકોનું શું ? જે ભાઈએ મને પરસેવો પાડીને, ભૂખે રહીને, દુઃખની શિલા શૈયા પર લઈને ભણાવ્યો, એની ગેરહાજરીમાં એનાં બાળકો રઝળે, ભૂખે મરે, શિક્ષણ વિના રહે ! એ હું જોયા કરું ? હું લગ્ન કરીને આણંદ માણું ને મારા ભાઈનું કુટુંબ ભીખ માગે તો મારી માનવતા ન લાજે ? જેણે મને પોષ્યો અને શિક્ષણ આપ્યું એના કુટુંબને પોષવું અને શિક્ષણ આપવું એ શું મારો ધર્મ ન હતો ? પણ એ કયારે બને ? હું લગ્ન ન કરું તો ! મેં તરત જ નિર્ણય લીધો. ગુરુ પાસે જઈને પ્રભુની સાક્ષીએ આજીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લીધી. આપના જેવાના આશીર્વાદથી આજ સુધી તો નિયમ પળાયો છે અને હવે તો બહોત ગઈ, થોડી રહી.'

'મારા ભાઈનું કુટુંબ મારી સાથે જ છે. મોટી દીકરીને તો પરણાવી. મારા ભાઈનો મોટે દીકરો એમ. એ. માં છે. એ મારા વચનને દેવવચન તુલ્ય ગણી સેવા કરે છે. એવી સેવા અને એવી ભક્તિ તો હું જોઉં છું કે સગો પુત્ર પણ પિતાની નથી કરતો. મેં નિષ્ઠાથી કર્તવ્યપાલન કર્યું તો એનો બદલો મને સોગણો મળ્યો છે. આજ હું કેટલો સુખી છું ? મને થાય છે, બીજુ કોઈ મહાન કાર્ય ભલે મેં નથી કર્યું, પણ કર્તવ્યપાલન તો જરૂર કર્યું છે.'

**લઘુતામેં પ્રભુતા વસે, પ્રભુતાસે પ્રભુ દૂર**

જે માણસ કર્તવ્યની કેડી પર ચાલે છે, તેનું જીવન ફૂલ જેવું સુવાસિત, સુવિકસિત તેમજ પ્રફુલ્લ હોય છે. પણ જે કર્તવ્યને બરાબર સમજતો નથી તેનું જીવન કેવું હોય છે, તે આપણે જોઈ રહ્યા છીએ.

શિયાળે યોગીને પૂછ્યું: "તો આ મડદાનું માથું ખાઉં ?"

યોગીએ કહ્યું ' ના ભાઈ ના ! આ માણસનું તો માથું પણ ખાવા લાયક નથી. કારણ કે **गर्वेण तुंग शिरः** ગર્વથી આનું માથું સદા ઊંચું જ રહ્યું છે, એ ક્યાંયે નમ્યું નથી. હા, અધિકારીઓ આગળ એણે માથું ધર્યું હશે, ધનવાનોને નમન પણ કર્યાં હશે, પણ દેવ આગળ, ગુરુ આગળ અને ધર્મ આગળ તો એ અક્કડ જ રહ્યું છે. પોતાને ઘેર આવનારની સામે એ નમ્રતાથી કદી ગયો નથી. પોતાને ત્યાં આવેલા અતિથિઓનો એણે નમ્રતાપૂર્વક સત્કાર પણ કર્યો નથી, અને પોતાના ગુરુજનો આગળ પણ એ અક્કડ થઈને ચાલ્યો છે.

માણસમાં જેમ લાયકાત આવતી જાય છે, તેમ તેમ એમાં નમ્રતા આવવી જોઈએ. આંબાને જેમ ફળ આવતાં જાય તેમ તે નમે છે. નમ્રતામાં જ એની મહત્તા રહેલી છે. એટલે આપણે કહીએ છીએ, " લઘુતામેં પ્રભુતા વસે, પ્રભુતાસે પ્રભુ દૂર. " લાયક માણસ કેવા નમ્ર હોય છે અને અલ્પ સત્ત્વવાળા કેવા ઉદ્ધત હોય છે એનો એક પ્રસંગ મને યાદ આવે છે.

અમે અંધેરીમાં ચાતુર્માસ હતા. અમારા નજીકના બંગલામાં એક ભાઈ ગ્રેજ્યુએટ થયેલા રહે. પણ એમનામાં અભિમાન તો માય નહિ. એ ચાલે ત્યારે અક્કડ, ઘરથી નીકળે ત્યારે તો એની ચાલ પણ જોવા જેવી. તાડ વળે તો એ વળે. અમારા સાધુઓ સામે મળે તો ભાઈ મોઢું મરડીને ચાલે. એને થાય કે આ તો પૃથ્વી ઉપર ભારભૂત! આ સાધુઓ શું કામના ? મફતનું ખાય અને ફર્યા કરે !

એક દિવસ ગમ્મત થઈ. હું એક ભાઈને બંગલે આહાર લેવા ગયેલો, ત્યાં એ બંગલાના માલિકે મારી સાથે જ્ઞાનગોષ્ઠ માંડી. વાતો ચાલતી હતી, એટલામાં પેલા અક્કડભાઈ આવ્યા. શેઠને જોતાં જ એ એકદમ નમ્ર બની ગયા. શેઠને ખૂબ જ સભ્યતાથી સલામ કરી.

શેઠે કહ્યું : " આટલું મોડું ! નોકરી કરો છો કે હજામત ? "

પેલાએ અતિ નમ્રતાથી અને દીનતાથી કહ્યું: " સાહેબ ! આજે

જરા મોડું થઈ ગયું. માફ કરો. હવેથી આવી ભૂલ નહિ થાય." અને એમના ઈશારા પ્રમાણે કામે લાગી ગયા.

મેં પૂછ્યું, "આ ભાઈને કેટલો પગાર આપો છો?"

ઉત્તર મળ્યો 'દોઢસો.' મને મનમ થયું દોઢસો માટે આટલી દીનતા? આટલી કાકલૂદી ભરી વિનંતી?

જ્યારે ભોગને રોગ જાણી લાત મારનાર ત્યાગીઓને જોઈ અક્કડ બને અને ધનવાનની આગળ દીન બને, ત્યારે દ્રોણાચાર્યનું વચન યાદ આવે છે. **अर्थानां दासा वयम्** અમે ધનના દાસ છીએ, ધર્મના નહિ!

ધનની આગળ તો સૌ નમે. રોટલો આપનાર આગળ તો કૂતરું પણ નૃત્ય કરે. માણસ પણ એકલા પેટ પોષનારને જ નમે અને મહા પુરુષોની કદર ન કરે, વડીલોના વિનય ન સાચવે, અધ્યાપકો પ્રત્યે આદર ન દાખવે તો એની માનવતા કઈ રીતે વિકસે? નમ્રતા માટે વસ્તુપાલનો પ્રસંગ વિચારવા જેવો છે.

પાલીતાણાની યાત્રાએ નીકળેલો સંઘ મહામંત્રી વસ્તુપાળના ગામમાં આવ્યો. એમણે સપ્રેમ સંઘને ભોજનનું નિમંત્રણ આપ્યું. સંઘ પોતાને ઘેર આવ્યો ત્યારે એમના હૈયામાં હર્ષ માય નહિ. સુવર્ણના થાળ અને સુવર્ણની ઝારી લઈ બારણા પાસે મહામંત્રી પોતે જ સંઘના પગનું પ્રક્ષાલન કરવા બેઠા. વસ્તુપાળ સંઘમાં આવનાર પ્રત્યેક વ્યક્તિને પ્રેમથી નમન કરી એનાં ચરણ ધૂએ. અને મહાસેનાપતિ તેજપાળ અતિથિને અંદર લઈ જાય, આ રીતે સમસ્ત સંઘના પગ ધોતાં એમના શરીર પર પરસેવાની ધારા વહેવા લાગી.

નોકરોએ કહ્યું: 'માલિક! આ કામ અમને સોંપો. થોડા બાકી રહ્યાં છે, એમના પગ અમે ધોઈશું. આપના શરીર પર પરસેવાની ધારા વહી રહી છે. આપને થાક લાગ્યો હશે.'

મહામંત્રી વસ્તુપાળે આપેલો ઉત્તર કદી ન ભૂલાય તેવો છેઃ 'અરે થાક ? થાક તો જન્મોજન્મનો ઊતરી ગયો. તમને આ પરસેવાની ધારા લાગે છે, પણ મને તો આ પ્રેમની ધારા લાગે છે. તીર્થને સ્પર્શી આવેલા માનવીના પગ ધોવાનું સૌભાગ્ય મને ક્યારે મળે ? આ ધારાની બુંદેબુંદમાં વાત્સલ્ય, પ્રેમ ને મૈત્રી ભરેલાં છે !'

આવા મહાન માણસોમાં પણ કેવી ઉન્નત ભાવના હતી !
માનવ પ્રત્યે કેવું સન્માન હતું ! કેવી ઉન્નત ભાવના હતી !

માનવ જીવન એકલા ધનથી મહાન નથી બનતું. 'Greatness does not consist in Riches.' મહત્તા ધનની નહિ; મનની છે.

આજના પ્રવચનમાં આપણે જોઈ ગયાં કે, જે હાથે દાન દીધું નથી, જે કાને સદ્‌વચનો સાંભળ્યાં નથી, જે આંખે ત્યાગનાં દર્શન કર્યાં નથી, જે પગે તીર્થની યાત્રા કરી નથી, જે પેટમાં ન્યાયનું–પ્રમાણિક્તાનું દ્રવ્ય ગયું નથી, અને જે મસ્તક ગુરુજનોના ચરણમાં નમ્યું નથી તે દેહ તો મારે માટે પણ લાયક નથી, એમ જાણી શિયાળ પણ ભૂખ્યું ચાલ્યું ગયું.

આ સાંભળીને વિચાર આવે છે. આપણા જીવનમાં ધર્મ ન હોય તો આપણું જીવન પણ અર્થહીન ગણાય. જીવનમાં ધર્મ હોય તો જ જીવનની મહત્તા છે.

આપ સૌ આ પ્રવચન પર ખૂબ ગંભીરતાથી વિચાર કરજો, અને જીવનમાં [illegible]ો નહિ, પણ આચરણનો, મરેલો નહિ પણ જીવતો ધર્મ લાવો [illegible] [illegible]કાશમય બનાવો એ શુભેચ્છા......

મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ. ધી નવપ્રભાત પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ.

સુપ્રસિદ્ધ ચિંતક ને કુશળ વ્યાખ્યાનકાર

## મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી મ. 'ચિત્રભાનુ'ના

## અપૂર્વ ગ્રંથો

### સૌરભ [સુંદર, સચિત્ર આવૃત્તિ] ૧-૮

જીવનના બાગમાં નવીન વિચારણાની બહાર લાવે તેવા, સુંદર પદ્યના નમૂના જેવા રસભરપૂર ગદ્યમૌક્તિકોનો સંગ્રહ. એક એક મૌક્તિકમાં જીવનના બાગમાં નવી સૌરભ પ્રગટે તેવું સારરૂપ લખાણ છે.

### સંસ્કાર સંભાર ૧-૧૨

તત્ત્વચિંતક મુનિરાજ અહીં જૂના વાર્તાસુવર્ણને નવા ઢાળ ને નવા અલંકારો સાથે રજૂ કરે છે. આમાં આજના યુગની જીવન પુકાર સચોટ રીતે રજૂ થઈ છે.

### જીવન ને દર્શન ૧-૦

ભારતભરમાં ઘૂમેલા ને જીવનભર પ્રત્યેક વર્તમાન પ્રવાહોનું વિશ્લેષણ કરનાર આ કુશળ વ્યાખ્યાનકારનાં ભાષણોનો સંગ્રહ છે. એક એક ભાષણ ભાવ, ભાષા ને સમાજ સમસ્યાના મર્મને વીંધે છે. જબાનના ઝવેરી મુનિ... ...મનાં જાદુ પણ આમાં જમાવ્યાં છે.

આ ...

[હાય તો આપ... ૦-૮

હોય તો જ જી...

૦-૨ ...માં પણ જીવન-

...રુષોના જીવનની

આપ સૌ...

અને જીવનમાં ... ૦-૮

ધર્મ લાવી ...

...ાય.

મુદ્રક: મણિલાલ છગનલાલ શાહ. ધી નવપ્રભાત...